ક્રમાંક:પ ૨/અમશ/માધ્ય/તસ/૦૮/૫૨૦૮-૫૩૧૧
કમિશ્નરશ્રી, મ.ભો.અને શાળાઓની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૯,
ગુ.રા.ગાંધીનગર. તા.૩૧/૩/૨૦૦૮.

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણના તા.૩૦/૧૨/૧૯૮૮ના તબીબી સારવારના નિયમ
(૨) આ તેના કચેરીના પરિપત્રક્રમાંક:પ ૨/અમશ/તસા/૦૭/૫૪૨૬૭, તા.૧૧/૧/૨૦૦૭.

પરિપત્ર:-

આ કચેરીના ધ્યાન પર આવેલ છે કે, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઓ મારફત જે તબીબી સારવાર ખર્ચ અંગેની દરખાસ્ત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે નક્કી કરેલ નીતી નિયમોની જોગવાઈ અનુસાર રજુ કરવામાં આવે છે તેની ચકાસણી કરતા જણાયેલ છે કે, જે તે કર્મચારીઓ દ્વારા તેમના આશ્રિત જેમ કે પતિ, માતા પિતા, પુત્ર પુત્રી વગેરેને લગતી આશ્રિત તરીકેની દરખાસ્તો રજુ થાય છે તે કુટુંબની વ્યક્તિ તેમના પર સંપૂર્ણપણે આશ્રિત છે કે કેમ તે અંગેના કોઈ મજબુત આધાર/પુરાવા સામેલ રાખવામાં આવતા નથી તેથી કર્મચારી સાથે આશ્રિત તરીકે સમાવેશ થતો હોય તો તે વ્યક્તિ કેટલા વર્ષોથી સાથે રહે છે તેમની પોતાની અલગ કોઈ કૌટુંબિક આવકના સાધનો છે કે કેમ? તે અંગેની ખાતરી કરવી જરૂરી જણાય છે.આથી આ અંગે આશ્રિત તરીકે તબીબી સારવારની દરખાસ્ત મંજુરી માટે રજુ કરવામાં આવે ત્યારે જે તે કુટુંબની વ્યક્તિ આશ્રિત તરીકે તેમના સર્વિસ રેકર્ડમાં નોંધાયેલ છે કે કેમ? વધુમાં નોકરી કરતી વ્યક્તિના આશ્રિત તરીકે દર્શાવેલ વ્યક્તિની વડીલો ઉપાર્જિત મિલકતમાંથી થતી આવક માટે સક્ષમ સત્તાધિકારી એટલે કે તલાટી કમ મંત્રી કે મામલતદાર પાસેથી દાખલો મેળવવામાં આવે તે પણ જરૂરી છે આથી આ રીતે આવકના તથા આશ્રિત હોવા અંગેની ખાતરી કર્યા બાદ જ દરખાસ્ત મોકલવા સંદર્ભ ૨ થી જણાવવામાં આવેલ હોવા છતાં આપના તરફથી આવતી દરખાસ્ત પુરતી ચકાસણી વગર મોકલવામાં આવે છે તેવું કચેરીના ધ્યાન ઉપર આવેલ છે. ઉપરોક્ત સુચનાઓનો ચુસ્તપણે અમલ ન કરનાર કર્મચારી/અધિકારીઓની ક્ષતિ માલુમ પડશે તો તે અંગે તેમના દુર્લક્ષ બાબતે કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમજ નીચે મુજબની શરતો ધ્યાને લઈ જરૂરી દરખાસ્તો રજુ કરવાની રહેશે.

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૧૨/૧૯૮૮ના ઠરાવક્રમાંક:એમએ-૧૦૮૮/૨૬૧૬/ય (તબીબી સારવારના નિયમો ૧૯૮૮)થી અને ત્યારબાદ આપેલ વખતોવખતની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨) કર્મચારીના કુટુંબના સભ્યની સારવાર પછી આમુખમાં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબના સભ્યોની વ્યક્તિગત આવક ઉપાર્જિત કે અનઉપાર્જિત આવક માસિક રૂા.૫૦૦ કરતા વધુ ન હોય તો જ તેને સંપૂર્ણ આશ્રિત ગણવામાં આવે છે.આવક તરીકે ખેતીની જમીન, મકાન, કે અન્ય સ્થાવર મિલકતના આધાર તરીકે તલાટી કે મામલતદારનો દાખલો અને ૭/૧૨ કે ૮ અનો ઉતારો રજુ કરવાનો રહેશે. જેની ખાત્રી (દરખાસ્ત મોકલનાર સંબંધિત અધિકારશ્રી)કર્યા બાદ દરખાસ્તમાં ભલામણ કરવાની રહેશે.

સહી/- અવાચ્ય
સંયુક્ત શિક્ષણ નિયામક(માધ્ય),
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
રાજકોટ.

ક્રમાંક:ખ ૧૧/૭૫૯ થી ૧૧૦૬/૨૦૦૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ઢેબરભાઈ વાણનો ઉતારો, રાજકોટ. તા.૫/૪/૦૮

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક/ઉ.મા., બિન-સરકારી શાળાઓ,
રાજકોટ જીલ્લો, રાજકોટ.

તબીબી સારવારના બીલ/દરખાસ્ત અત્રેની કચેરીને મોકલતા પહેલા ઉપરોક્ત પરીપત્રનો સંપુર્ણ અભ્યાસ કરી દરખાસ્ત મોકલવાની સુચના સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ.

પીએસજે/

૦૪ ૩૧
૨૨/૦૪/૦૮